GJVD020114872025

# વડોદરાના મે. ૨૦ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (આર.કે.ત્રીવેદી) સાહેબ ની કોર્ટમાં, વડોદરા.

ક્રિ.કેસ નં.૧૦૦૨૩/૨૦૨૫
આંક :

**ફરિયાદી : શ્રી સરકાર**

**: : વિરૂધ્ધ : :**

**આરોપી :– સિરાજભાઈ ઈબ્રાહીમભાઈ ચૌહાણ**

**ગુન્હા :** બી.એન. એસ.ની કલમ–૨૨૩ તથા જી.પી.એ.કલમ–૧૩૫ મુજબ.

## ચૂ કા દો

**૧.** ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ બી.એન. એસ.ની કલમ–૨૨૩ તથા જી.પી.એ.કલમ–૧૩૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ આજ રોજ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપીઓ આજરોજ અદાલત સમક્ષ હાજર થઈ પોતે સ્વેચ્છાપુર્વક સદર ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.આરોપની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતના લક્ષમાં લેતાં આરોપીઓ હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**૩.** વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે **૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંન્દ્રજી ઠાકોર**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાનાં પાના નં– ૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીઓના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ અને સજા અંગે આરોપીને સાંભળ યા બાદ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપી **સિરાજભાઈ ઈબ્રાહીમભાઈ ચૌહાણ** નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે **બી.એન.એસ.ની કલમ–૨૨૩ તથા જી.પી.એ.કલમ–૧૩૫** મુજબ સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા)** નો દંડ, જો દંડ ના ભરે તો દિન–૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તારીખ **૦૮** મી, માહે **માર્ચ,** સને–**૨૦૨૫** ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫
વડોદરા.

**(રચિત કમલેશભાઈ ત્રિવેદી)**
૨૦ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
**જીજે ૦૧૨૧૬**

**પાવતી નંબર–**

**દંડ રૂા.**

**તા.**૦૮/૦૩/૨૦૨૫ **નાઝર**